Extra No. 145

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, JUNE 1, 2026 / JYAISTHA 11, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

:: હંગામી જાહેરનામું ::

ધી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક:ટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું પ૩૬૬ /૨૦૨૬ - સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલ્વે બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન વિદ્ધહાથ ધરવામાં આવેલ છે. તે અંગે લંબે હનુમાન રોડ પર લંબે હનુમાન રોડની શરૂઆત (જય વિજય રેસ્ટોરંટ થી લંબે હનુમાન પોલીસ ચોકી સુધી, મસ્કતી હોસ્પિટલથી સુરત હેડ પોસ્ટ-ઓફિસ સુધી તથા ક્રાઇમ બ્રાન્ચ ઓફિસથી એસ.બી.આઇ. બેંક સુધી મેટ્રો રેલના કામકાજ વાળા માર્ગ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવા સારૂ અત્રેની કચેરીના ક્રમાંક:ટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું/૯૧૪૦/૨૦૨૫, તા.૨૯/૦૮/૨૦૨૫ થી જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. જે જાહેરનામાની મુદ્દત તા.૩૧/૦૫/૨૦૨૬ ના રોજ પૂર્ણ થતુ હોય જે કુમાર ઇન્ફ્રા. પ્રોજેકટ લી,ના HR મેનેજર નાઓએ સદર જાહેરનામાની મુદ્દતમાં વધારો કરવા સારૂ અરજી કરેલ છે. તે ધ્યાને લઇ આગામી તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધી લંબે હનુમાન રોડ પર લંબે હનુમાન રોડની શરૂઆત (જય વિજય રેસ્ટોરન્ટ થી લંબે હનુમાન પોલીસ ચોકી સુધી, મસ્કતી હોસ્પિટલથી સુરત હેડ પોસ્ટ-ઓફિસ સુધી તથા ક્રાઇમ બ્રાન્ચ ખોફિસથી એસ.બી.આઇ. બેંક સુધી મેટ્રો રેલના કામકાજ વાળા માર્ગ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવી જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન અધિનિયમ ૧૯૯૯ ના કલમ-૨૦૭અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સુરત શહેરમાં મેટ્રોરેલ પ્રોજેકટ અન્વયે સુરત રેલ્વે (લંબે હનુમાન) મેટ્રો સ્ટેશન, મસ્કતી હોસ્પિટલ મેટ્રો સ્ટેશન અને ચોકબજાર મેટ્રો સ્ટેશનના ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરેલ જે મુદ્દતમાં આગામી તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધી વધારો કરવા અંગેનો હુકમ કરૂ છું.

::પ્રતિબંધિત રૂટ::

1) સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેકટ અંતર્ગત સુરત રેલવે (લંબે હનુમાન) મેટ્રો સ્ટેશનનું બાંધકામ શરૂ કરવાનું હોય જેથી લંબે હનુમાન રોડ પર લંબે હનુમાન રોડની શરૂઆત (જય વિજય રેસ્ટોરન્ટ)થી લંબે હનુમાન પોલીસ ચોકી સુધી વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેશે.

2) મસ્કતી હોસ્પિટલ મેટ્રો સ્ટેશન માટે, રાજમાર્ગ પર મસ્કતી હોસ્પિટલથી સુરત મહિધરપુરા હેડપોસ્ટ ઓફિસ સુધી ભારે (ફોર વ્હીલર કરતા ભારે) વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેશે..

૩) ચોક બજાર મેટ્રો સ્ટેશન માટે કાઈમ બ્રાન્ચ ઓફિસથી એસ.બી.આઈ. બેંક ગાંધીબાગ સર્કલ સુધી વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેશે.

4) રાજમાર્ગ તરફથી જે વાહનો કમાલ ગલીનો ઉપયોગ કરી ગાંધીબાગ સર્કલ તરફ આવતા હતા તે આવી શકશે નહિ.

વૈકલ્પિક રૂટ

1) લંબે હનુમાન રોડ પર જે. બી. ડાયમંડ સર્કલ તરફથી દિલ્હી ગેટ અને રીંગ રોડ તરફ અરવવા માટે લંબે હનુમાન પોલીસ ચોકીથી વરાછા મેઈન રોડ રોડથી, આયુર્વેદિક કોલજ સર્કલથી સ્ટેશન રોડ (One Way) અથવા લાલ દરવાજા રોડનો ઉપયોગ કરી શકાશે. અને કતારગામ તરફ જવા વરાછા મેઈન રોડ પરથી લાલ દરવાજા રોડ થઈને જઈ શકાશે. તેમજ દિલ્હી ગેટથી સુરત રેલ્વે સ્ટેશન અથવા વરાછા મેઈન રોડ ઉપર જવા માંગતા વાહનો સુરત રેલ્વે સ્ટેશનના વન વે રોડ અને લાલ દરવાજા રોડ પરથી જઈ શકશે. સાથે જ GSRTC બસ ડેપો અને ખારવા ચાલના રહેવાસીઓએ અલગથી ૦૪ મીટર આપવામાં આવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

2) સ્ટેશન રોડ પર મોતી ટોકિઝ (પાણીની ટાંકી) તરફથી મહિધરપૂરા તરફ જવા માટે ટ્રાફિકને દારૂખાના રોડથી મહિધરપુરા રોડ પર જઈ શકાશે. રાજમાર્ગથી ભાગળ અને ચોક બજાર તરફ જવા માટે દારૂખાના રોડથી મહિધરપુરા મેઈન રોડથી, ઘી કાંટા રોડથી, કાંસકી વાડ રોડ પરથી ભાગળ ચાર રસ્તા પર આવી શકાશે અથવા બેગમપુરા રોડથી, ઝાંપા બજાર રોડ અને બંદરી રોડ (One way) પરથી રાજમાર્ગ પર આવી શકાશે. સાથે જ ચોક બઝાર અને ભાગળ ચાર રસ્તાથી સ્ટેશન તરફ જવા પીરછાડી રોડ (One way) અથવા કાસકીવાડ રોડ થી ઘી કાંટા રોડથી, મહિધરપુરા મેઈન રોડથી લક્કડ શેરી અને દારૂખાના રોડનો ઉપયોગ કરીને સ્ટેશન પર આવી શકાશે, તેમજ ટાવરથી મોતી ટોકીઝ તરફ જવા માટે ૦૩ મીટરનો રોડ લાઇટ વ્હીકલ [(ટુ-વ્હીલર, અને થ્રી-વ્હીલર (પેસેન્જર રીક્ષા અને લોડીંગ રીક્ષા)) તથા રાહદારીઓને ફકત ટાવરથી મોતી ટોકીઝ તરફ જવા માટે (One way) ખુલ્લો રહેશે પરંતુ મોતી ટોકીઝથી ટાવર સુધીનો માર્ગ આવવા માટે તમામ પ્રકારનાં વાહનો માટે બંધ રહેશે. સાથે જ સ્થાનિક રહેવાસીઓએ બાંધકામના સ્થળે અલગથી આપવામાં આવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

૩) ચોક બજાર મેટ્રો સ્ટેશન માટે કાઈમ બ્રાન્ચ ઓફિસથી એસ.બી.આઈ. બેંક ગાંધીબાગ સર્કલ સુધીનો રસ્તો બંધ રહશે. પરંતુ રાજમાર્ગથી નેહરુ બ્રિજ પર જવા અને આવવા નાના વાહનોને ચોક બઝાર ચાર રસ્તાથી રસ્તો આપવામાં આવશે. રાજમાર્ગથી ગાંધી બાગ, વિવેકાનંદ સર્કલ જવા માટે અનસુયન રોડ (One way), યારા ગલી (One way) થી જઈ શકાશે, અને વિવેકાનંદ સર્કલથી રાજમાર્ગ જવા માટે રંગ ઉપવન રોડ (One way), કમાલ ગલી (One way) રોડનો ઉપયોગ કરી શકાશે. ગાંધી બાગ તરફથી નેહરુ બ્રિજ આવવા અને જવા માટે એસ.બી.આઈ. બેંક પાછળના રસ્તાથી જઈ શકાશે. સાથે જ મુગલીસરા અથવા SMC મેઈન ઓફિસ તરફ જવા માટે નાણાવટ રોડનો નાના વાહનો એજ ઉપયોગ કરવાનો રહશે અને ફોર-વ્હીલર જેવા મોટા વાહનોએ ચંદ્રશેખર આઝાદ બ્રિજ (જીલાની બ્રિજ) નો ઉપયોગ કરવાનો રહેશે.

4) ગાંધીબાગ સર્કલથી રાજમાર્ગ જવા માટે કમાલ ગલીનો ઉપયોગ કરી રાજમાર્ગ તરફ જઇ શકાશે.

નોંધ: ઉપર્યુક્ત સમગ્ર માર્ગ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એબ્યુલન્સ તથા અન્ય ઈમરજન્સી વાહનો જેમ કે પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતાં અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ તથા લાગુ પડતી અન્ય કાનુની જોગવાઈઓ સહિત ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૬ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.29 15:47:43 IST